લાઇનીંગના કામમાં વાપરવાના થતા કયોરીંગ કંપાઉન્ડના સેમ્પલોના ટેસ્ટ રીઝલ્ટ મેળવવાની કાર્યપધ્ધત્તિ બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પા.પુ.અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ-પરચ-૨૦૧૪-૫૦-ગુ.નિ.
તા. ૧૫-૦૨-૨૦૧૪.

**પ્રસ્તાવના :-**

વિભાગ હસ્તક ચાલી રહેલા કેનાલ લાઇનીંગના કામોમાં જુદી જુદી કંપનીઓના કયોરીંગ કંપાઉન્ડ વાપરવામાં આવી રહેલ છે તેના સેમ્પલોને સમયસર અને કામોમાં વપરાશમાં લેવાય તે પહેલાં ટેસ્ટીંગ રીઝલ્ટ મળે તે અંગે જરુરી કાર્યપધ્ધત્તિ અપનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની કાર્યપ્રણાલી અપનાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

ગેરી પ્રાયોગશાળા પાસે કયોરીંગ કંપાઉન્ડના ટેસ્ટીગની સગવડો ઉપલબ્ધ છે પરંતુ તેની ક્ષમતા મર્યાદીત છે જયારે તેની સામે ઘણી વધારે સંખ્યામાં કયોરીંગ કંપાઉન્ડના સેમ્પલો ટેસ્ટીંગ માટે આવે તેવા સંજોગોમાં ગેરીની મર્યાદીત ક્ષમતાને ધ્યાને લેતાં ચાલુ કામોની પ્રગતિ અવરોધાય નહીં તે ધ્યાને લઇને કામની ગુણવત્તા અને સરકારના નાણાંકીય હિતોને ધ્યાને લેતાં નીચે પ્રમાણેની પધ્ધતિ અપનાવાનું આથી ઠરાવવામાં આવે છે :-

(અ) લાઇનીંગના કામોમાં વપરાશમાં લેવાના થતા કયોરીંગ કંપાઉન્ડ વપરાશના ૩૦ દિવસ પહેલાં સાઇટ ઉપર લાવવા અને તે જ દિવસે કરારનામાની શરતો અન્વયે લેવાના થતા જરુરી સેમ્પલો લઇ, વહેલામા વહેલી તકે સંબંધિત પ્રાયોગશાળામાં મોકલવાના રહેશે. લેવાયેલ પ્રત્યેક સેમ્પલ ત્રણ સેટમાં લઇ તે પૈકીનો એક સેટ ગેરી પ્રાયોગશાળામાં પરીક્ષણ અર્થે મોકલી આપવાનો રહેશે.

(બ) સેમ્પલનો બીજો સેટ સરકારશ્રી ધ્વારા મંજૂર કરાયેલ ખાનગી પ્રયોગશાળામાં મોકલી તેના રીઝલ્ટ ૧૫ દિવસમા મેળવી લેવાના રહેશે. આ પરિણામ જો માન્ય માપદંડો અનુસાર હોય તો જ કયોરીંગ કંપાઉન્ડનો સદર લોટ ઉપયોગમાં લેવાનો રહેશે પરંતુ ઇજારદારને લાઇનીંગ આઇટમનું ચૂકવણું કરતાં પહેલાં ગેરી ધ્વારા કરવામાં આવેલ પરીક્ષણના રીઝલ્ટ ન આવે ત્યાં સુધી લાઇનીંગની આઇટમના રેટ એનાલીસીસમાં કયોરીંગ કંમ્પાઉન્ડથી કરવાના થતા કયોરીંગના કોમ્પોનન્ટનો સમગ્ર ખર્ચ કોન્ક્રીટની આઇટમમાંથી બાદ કરી તે મુજબનો પાર્ટરેટ મુજબનો દર ચૂકવવાનો રહેશે કે જેથી થયેલ કામગીરી સંદર્ભે વધુ ચૂકવણાનો પ્રશ્ન નિવારી શકાય.

(ક) પ્રશ્ન હેઠળના સેમ્પલોના ગેરીના પરીક્ષણના રીઝલ્ટ જો માન્ય માપદંડો મુજબ આવે તો ઇજારદારની કપાત કરેલ પાર્ટ રેટની રકમ પરત કરવાની રહેશે અન્યથા કપાત કરેલ રકમ પરત આપવાની થશે નહીં.

(ડ) ગેરીના પરીક્ષણો અને માન્ય પ્રયોગશાળાના પરીક્ષણોમાં ભિન્નતા / વિસંગતતા જણાય તો ાવાયેલ સેમ્પલનો ત્રિજો સેટ કે જે અનામત રાખેલ હતો તેના પરીક્ષણો ગુ.નિ. તંત્રના પ્રતિનિધિની ;પસ્થીતિમાં અન્ય નામાંકિત અને માન્ય સરકારી સંસ્થાઓમાં કરાવવાનો રહેશે. તેના પરીક્ષણોની ચકાસણી ર્યા બાદ પરીક્ષણો સ્વીકાર્ય માપદંડ મુજબ છે કે કેમ તે નકકી કરી થયેલ કામની એકંદરે ચકાસણી કરી ;રારનામાની શરતો મુજબ કામગીરી સ્વીકારવાની અને ચૂકવણા નિયંત્રિત કરવાની કાર્યવાહી કરવાની રહેશે

(એ. પી. ભાવસાર),
મુખ્ય ઇજનેર (ગુ.ની.) અને અધિક સચિવ.

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સ;)ના અંગત મદદનીશ, ન.જ.સં.પા.પુ.અને ક. વિ., સચિવાલય, ગાંધીનગર.
૨. વિભાગ હેઠળના મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી. (સર્વે)
૪. વિભાગ હેઠળના અધીક્ષક ઇજનેરશ્રી (સર્વે),
૫. તમામ કા.ઇ.શ્રી (ગુ.નિ.તંત્ર), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક સચિવશ્રી (તપાસ), ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચીવાલય, ગાંધીનગર.
૭. પરિપત્ર ફાઇલ.